www.aiche.org/ccps

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

This issue sponsored by DEKRA Insight

www.chilworth.com

# ઉતાવળ કચરો ઉત્પન્ન કરે છે !

સપ્ટેમ્બર -૨૦૧૭



તમને કયારેય કાગળના ટુકડાને કચરાપેટીમાં નાખવાની જરૂર પડી છે ? પરંતુ તમે કચરાટોપલી સુધી જવાને બદલે દૂરથી જ ટુકડાને ફેંકયા જે કચરાપેટીમાં પડવાને બદલે બહાર પડયા હોય ? પછી તમારે ચાલીને ત્યાં સુધી પહોંચવુ પડયુ હોય, અને ટુકડાને વીણી લઈને ફરીથી કચરાપેટીમાં નાખવા પડયા હોય. આમાં ફાયદો શુ થયો? ખરેખર તો આમાં વધારાનો પ્રયાસ કરીને પાછુ જઈને, ટુકડાને ઉઠાવવુ પડે અને પછી કચરાપેટીમાં નાખવુ પડે છે. પરંતુ તમે પાછા જાવ જ નહીં તો શુ થાય ?

તમારી બદલે બીજાએ આ કરવુ પડશે. પ્રક્રિયા સુરક્ષામાં આ જ વિચાર લાગુ પડે છે. તમે જો પહેલી વખત કામ બરોબર નહીં કરો તો, તમારે એ કામ ફરીથી કરવુ પડશે. પરંતુ, કેટલીક સુરક્ષા પ્રક્રિયા, જમીન પરથી કાગળના ટુકડા ઉપાડવા જેટલુ સહેલુ નથી હોતું. પ્રક્રિયા સુરક્ષા માટે કરવાના કામ (દા.ત. ઈન્સ્ટ્રુમેન્ટનુ ચેકીંગ, કાર્યપધ્ધતિનુ પાલન કરવુ.)ને પહેલી વખત યોગ્ય રીતે ન કરવુ ખૂબ મોટા ગંભીર પરીણામોમાં ફેરવાઈ શકે છે. તમારા માટે, તમારા સાથીદારો માટે, આજુબાજુની વસ્તી માટે. કયારે ? કયાં ? કોના દ્વારા ? એ કોણ જાણે છે?

૧૯૯૪માં પોર્ટનેલ, લોવાના એમોનિયમ નાઈટ્રેટ ફર્ટીલાઝર પ્લાન્ટમાં ધડાકો



## આ જરૂરી કેમ છે ?

પ્રક્રિયા સુરક્ષાના અકસ્માતોમાં પ્લાન્ટમાં લેવાતાં શોર્ટ કટ ઘણો મોટો ભાગ ભજવે છે. ઉદાહરણ તરીકે,

- કાર્યપધ્ધતિને ન અનુસરવુ.
- કોઈપણ સુધારાના પગલાં લેવા સિવાય એલાર્મને ચુપ કરી દેવો.
- પ્લાન્ટની સ્થિતિ જાણવા માટે રાઉન્ડ લેવાનુ ભુલી જવુ.
- પ્લાન્ટની કાર્યપધ્ધતિનુ અનુકરણ કરવુ પણ ચેકલીસ્ટને સાથે લઈ જવુ જરૂરી ન સમજવુ. તમે આ કાર્ય ભલે હજાર વખત કર્યું હોય, પરંતુ માણસો સર્વોત્તમ રીતે કામ કરે ત્યારે પણ ફક્ત ૯૯ ટકા જ ચોકસાઈથી કરી શકે છે. તમે જો ચેકલીસ્ટ વાપરો નહીં તો થોડીક જટીલ કાર્યપધ્ધતિમાં એકાદ સ્ટેપ ભૂલી જવુ ૧૦ ગણું સામાન્ય છે.

આમ તો આ વસ્તુ ખૂબ નાની લાગે છે પરંતુ તેના પરીણામો ઘણા બધા હોય છે. અયોગ્ય, અપુરતા અને ખરાબ રીતે કાર્યપધ્ધતિનુ પાલન કરવાથી તે મોટા અકસ્માત તરફ દોરી જાય છે જેમાં ઘણાં મૃત્યુ અને ઈજાઓ થઈ શકે છે. દા. ત. ડિસેમ્બર ૧૯૯૪માં પોર્ટનેલ, લોવામાં આવેલા એક ફર્ટીલાઝર પ્લાન્ટમાં ધડાકો થયો જેનાથી ૪ લોકો માર્યા ગયા, ૧૮ વ્યક્તિને ઈજા થઈ, પ્લાન્ટનો ઘણો ખરો ભાગ નષ્ટ પામ્યો અને રસાયણના ઉત્સર્જન થી વાતાવરણને નોંધપાત્ર નુકશાન થયુ. યુએસ ઈપીએના તપાસની ટીમ એ તારણ કાઢયુ કે ધડાકા નું કારણ લખેલી સુરક્ષિત ઓપરેટીંગ કાર્યપધ્ધતિ બનાવેલી ન હતી તે હતુ, જેને કારણે પ્લાન્ટમાં એવી પરિસ્થિતી ઉભી થઈ જે ધડાકા થવા માટે કારણભૂત હતી.

એવા કયા કામ હોય છે જે કરવા સહેલા નથી હોતા ? જે એવા ઈન્સ્ટ્રુમેન્ટના રીડીંગ હોઈ શકે જે જોવા ઘણી બધી સીડીઓ ચડીને જવુ પડે, લેવલ માપવા માટે બંધ જગ્યાનુ તાડું ખોલીને જવું પડે કે વાલ્વની સ્થિતિ જોવા પ્લાન્ટના અંતિમ છેડા સુધી જવું પડે. જ્યારે તમે બીજા કામમાં રોકાયેલા હોય ત્યારે આ બધું છોડી દેવું આમ જોવો તો ખૂબ સરળ છે. કેટલાક વળી તેને બીજી વખત કરે છે. - જે રીતે જમીન પર પડેલા ટુકડા ઉઠાવવા. પરંતુ જો બધા જ એક સરખી રીતે વર્તશે તો કામ ક્યારેય થશે જ નહીં.

## તમે શું કરી શકો ?

- હંમેશાં કાર્યપધ્ધતિ ને સંપૂર્ણ રીતે અનુસરો. જો કાર્યપધ્ધતિ અયોગ્ય અને અધુરી હોય તો તમારા સુપરવાઈઝરોને આ બાબતે કહો. કારણ કે તેઓ આ કામને સુરક્ષિત અને સાચી રીતે કરાવા ઈચ્છતા હોય છે.
- જ્યારે પણ પ્લાન્ટ નીરીક્ષણના રાઉન્ડમાં નીકળો ત્યારે સમય કાઢીને તેને સારી રીતે અને પુરેપુરુ કરો.
- જો તમારા પ્લાન્ટ રાઉન્ડ દરમિયાન નિરીક્ષણ ની જગ્યાએ પહોંચવુ અઘરુ હોય, ઈન્સ્ટ્રુમેન્ટ કેલીબ્રેટ કરેલુ ન હોય, કે કામ કરતુ ન હોય, પાઈપમાંથી કોઈ અજાણ્યુ પ્રવાહી ટપકતુ હોય, એજીટેટર હલતુ હોય, પમ્પ જે અલગ પ્રકારનો અવાજ કરતો હોય, અથવા કોઈ બીજુ જે જોવામાં અને સાંભળવામાં યોગ્ય ન લાગતુ હોય, તો તમે તેને તમારી નોંધપોથી ઉપર નોંધી લો અને સુપરવાઈઝરના ધ્યાનમાં લાવો. કોઈપણ વ્યકિત એવી સમસ્યાને ઠીક કરી શકે નહીં જે તેના ધ્યાનમાં ન હોય !

**તમને પહેલી વખત સાચી રીતે કામ કરવા સમય નથી મળતો તો ફરીથી કરતી વખતે સમય કેવી રીતે મળશે ?**

©AIChE 2017. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Afrikaans, Arabic, Catalan, Chinese, Czech, Danish, Dutch, English, Filipino, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Mongolian, Persian (Farsi), Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.